| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૩૧/૦૧/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૫/૨૦૨૩**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૩૦/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | | /- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૯૬ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપિંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૯૮/૨૦૨૩**

ખાડીયાઃ નેનારામ હિરાજી ઘાંચી (ઉ.વ.૪૬) (રહે. વિસાલા લેન્ડ માર્ક નિકોલ રીંગ રોડ નિકોલ) એ તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નેનારામ ઘાંચી માણેકચોક બંધારાના ખાંચા સામે મધુસુદન કોમ્પ્લેક્સ એન.જી.બુલીયન નામથી સોનાનો ધંધો કરતા હોઈ તા.૨૫/૦૧/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૮૧૪૦૭૨૭૯૮૯ ના ધારકે નેનારામ ઘાંચીને ફોન કરી ૪૦૦ ગ્રામ સોનુ આપવા અને બીજુ ૧૦૦ ગ્રામ સોનુ બીજા દિવસે આપવાનુ જણાવી ૫૦૦ ગ્રામ સોનાના રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- આપવાની વાત કરી આસ્ટોડીયા ઢાળની પોળ સામે ફોર વ્હીલર ગાડી નંબર-૧૧૦૮ માં આવેલ પુરૂષે નેનારામ ઘાંચીના કારીગર નયન બારોટ પાસેથી ૪૦૦ ગ્રામ સોનુ લઇ જઇ તેના બદલામાં ૫૦૦ ગ્રામ સોનાના રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- નક્કી કરી ૫૦૦/- રૂપિયાના બંડલમાં ભારતીય ચલણની અસલ નોટ ઉપર-નીચે અસલ નોટ ગોઠવી તેની વચ્ચે ૫૦૦/- ના દરની ખોટી નોટ મુકી ૧૨ બંડલ આપી ૪૦૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૨૩,૧૬,૦૦૦/- લઇ જઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

**ઓઢવ**ઃ રેવાબહેન વા/ઓ મુળજીભાઇ સોલંકી (ઉ.વ.૭૨) (રહે. શિવદર્શન સોસાયટી સુવાસ ઓરમ ફ્લેટ સામે ઓઢવ) એ તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૩ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે રેવાબહેન સોલંકી રહેણાંક નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં રેવાબહેનને બે પુરૂષ મળ્યા હતા અને રસ્તો પુછવાના બહાને રેવાબહેન સોલંકીને પોતાને નડીયાદ જવાનુ હોય પણ તેમની પાસે પૈસા નહી હોવાની લાગણીશીલ વાતો કરી રેવાબહેન સોલંકીને પહેરેલ સોનાની કાનની શેર, બુટ્ટી તથા ચાંદીની ચેઇન કિમત રૂપિયા ૨૬,૦૦૦/- કઢાવી લઈ પરત આપવાની ખાતરી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯/૨૦૨૩</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** પ્રેમનાથ શ્રવણનાથ યોગી (ઉ.વ.૧૯) (રહે.અશોક હોટલ પાસે ભરવાડ વાસ પીરાણા પીપળજ રોડ નારોલ) તા.૩૦/૦૧/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પીરાણા ચાર રસ્તાથી નારોલ આર.વી.ડેનીમ કટ પાસેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર આરજે ૨૪ જીએ ૨૬૮૬ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા પ્રેમનાથ યોગીને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ રમેશ માંગુનાથજી યોગીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**<u>ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૦/૨૦૨૩</u>**

**સરદારનગરઃ** નિકીભાઇ રામચંદભાઇ ટેકવાની (ઉ.વ.૩૮) (રહે. પદમકુશ એપાર્ટમેન્ટ એસ.આર.પી કેમ્પની બાજુમાં કૃષ્ણનગર) એ તા.૨૯/૦૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે કુબેરનગર બંગલા એરિયા ભાગ્યોદય સોસાયટી ખાતે રહેતા તેઓની બહેનના ઘરે ભુલથી એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૧/૨૦૨૩ કલાક ૫/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રકાશભાઇ ચંપકલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી